# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

" સમૃધ્ધિ ", એનેક્ષી, ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com

રેફ નં. તા: ૧૮/૧૨/૨૦૦૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી જનરલ )

---

## ચેમ્બરમાં બી.આર.ટી.એસ. અંગે પ્રેઝન્ટેશન

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે સુરત મહાનગર પાલિકા ધ્વારા શહેરની ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટેની મહત્વાકાંક્ષી યોજના 'બીઆરટીએસ' વિશે રસપ્રદ પ્રેઝન્ટેશન અને ચર્ચાનો એક કાર્યક્રમ **શુક્રવાર તા.૧૮/૧૨/૦૯** ના રોજ **સાંજે ૬.૩૦** કલાકે **સમૃધ્ધિ,નાનપુરા** ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સુરત મહાનગરપાલિકાના **કમિશ્નર કુ. એસ.અપર્ણા** તથા અતિથિ વિશેષ તરીકે સુરત મહાનગર પાલિકાના **સ્ટેન્ડીગ કમિટિ ચેરમેનશ્રી મુકેશ દલાલ** અને મુખ્ય વકતા તરીકે **સીઈટીપીના ડાયરેકટર પ્રો.શિવાનંદ સ્વામી** ઉપસ્થિત રહયા હતા.

પ્રમુખ શ્રી નિલેશ વી. માંડલેવાળાએ ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરતા જણાવ્યું હતુ કે, સુરત મહાનગર પાલિકાએ સર્વ પ્રથમ તો રાષ્ટ્રક્ષેત્રે સુરતનું ગૌરવ વધારવા માટે જે યોગદાન આપ્યુ છે અને સુરતનું નામ અને કિર્તી વધારી છે, તે બદલ હું તેમને હાર્દિક અભિનંદન આપુ છું. વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે, સુરતમાં આજે ખૂબજ ઝડપથી પ્રગતિ થઈ રહી છે અને તેની વસ્તી પણ અણધારી માત્રામાં વધી રહી છે. તેનો વિસ્તાર આજે છેલ્લા ૧૦ વર્ષમાં અનેકવિધ માત્રામાં વધ્યો છે અને તેની સાથે સાથ લોકોની એક જગ્યાથી બીજી જગ્યાએ જવા માટેની જરૂરીયાત પણ વધતી જાય છે.વિસ્તાર વધ્યો હોવાથી ખૂબજ લાંબા અંતરે લોકોની રહેઠાણ અને કામની જગ્યાઓ સ્થિત છે તેથી લાંબા અંતરો માટે વ્યવસ્થાની ખૂબજ તાતી જરૂર છે. વિશ્વના અનેક ભાગોમાં બી.આર.ટી.એસ. આજે લોકોને ખૂબજ અમુલ્ય સેવાઓ પણ આપી રહી છે અને શહેરની એક ઓળખ પણ બની રહી છે. અમદાવાદમાં તેનો ખૂબજ સફળ પ્રયોગ જોવા મળ્યો છે. સુરતને બી.આર.ટી.એસ.ની સેવા આપવા માટે એસ.એમ.સી. અને વિશેષતઃ કમિશ્નરશ્રીએ ખૂબજ ઝડપી પગલા લીધા છે અને લગભગ ૪૫૦ કરોડ રૂપિયાના ખર્ચે આ વ્યવસ્થા ઉભી થશે. આવતા દસ વર્ષમાં સુરતની જનસંખ્યા લગભગ ૬૦ લાખથી વધારે થઈ જશે તો તે અતિશ્યોકતી નથી અને તે સમયે વાહન વ્યવહારની વ્યવસ્થાનુ આયોજન આપણે સૌ મળીને આજથીજ કરીએ તો તે આપના ભવિષ્ય માટે ખૂબજ અસરકારક રહેશે.

સુરત મહાનગરપાલિકાના કમિશ્નર કુ. એસ. અપર્ણાએ જણાવ્યું હતું કે, આજના વકતા પ્રોફેસર શિવાનંદ સ્વામી બી.આર.ટી.એસ.ના પ્રણેતા છે. સુરતમાં બી.આર.ટી.એસ.માટે બે કોરીડોરની પસંદગી વૈજ્ઞાનિકરીતે કરવામાં આવી છે, જેમાં ડુમસ થી વરાછા જતો રોડ, યુનિવર્સિટી પુણા કુંભારીયા થઈને જશે અને બીજો રસ્તો રેલ્વે સ્ટેશનથી ટેક્ષ્ટાઈલ માર્કેટ ભેસ્તાન થઈને જશે.બીજા ફેસમાં અન્ય સાત કોરીડોર નકકી કરવામાં આવ્યા છે જેમાં શહેરના અન્ય વિસ્તારોને પણ આવરી લેવાશે. વધુમાં તેમણે જણાવ્યું હતુ કે, અર્બન ઈન્ફ્રાસ્ટ્રકચર, અર્બન ટ્રાન્સપોર્ટેશનમાં સુરતે ઘણુ સારૂ કામ કર્યુ છે. " કોમ્પ્રેહેન્સીવ મોબીલીટી પ્લાન" ( સી.એમ.પી.) બનાવનાર સુરત એ દેશામાં મૈસુર પછીનુ બીજુ શહેર છે. કોર્પોરેશન, રેલ્વે, આર.ટી.ઓ. પોલિસ બધા ભેગા મળી કાર્ય કરે તે માટે કેન્દ્ર સરકારની યુનિફાઈટ પોલિસી છે. અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ ઉભુ કરનાર સુરત એકમાત્ર શહેર છે. બી.આર.ટી.એસ. એ સી.એમ.પી. નો ભાગ છે. માણસ ઘરમાંથી નિકળે અને એકજ ટિકીટથી નિર્ધારીત સ્થળે પહોંચે તેવી વ્યવસ્થા થશે. એકજ ટિકીટ થી બસ અને રક્ષામાં ભવિષ્યમાં પ્રવાસ થઈ શકશે અને સમયનો બચાવ થઈ શકશે.

સ્ટેન્ડીગ કમિટિના ચેરમેન શ્રી મુકેશ દલાલે જણાવ્યું હતુ કે, આજના આ કાર્યક્રમનું આયોજનથી શહેરની જનતાને એક કોર્પોરેશનના આ પ્રોજેકટની વિસ્તૃત માહિતી મળશે. વધુમાં તેમણે જણાવ્યું હતુ કે, કચરામાંથી વિજળી ઉત્પન્ન કરવાનો પ્રોજેકટ પણ કોર્પોરેશન હાથ ધરનાર છે. આંતરરાષ્ટ્રીય બજારમાં કાર્બન ક્રેડીટનું વેચાણ કરનાર સુરત શહેર કદાચ પ્રથમ શહેર બનશે.

પ્રો. શિવાનંદ સ્વામીએ પ્રેઝન્ટેશન ધ્વારા બી.આર.ટી.એસ. પ્રોજેકટની વિસ્તૃત માહિતી આપી હતી તેમણે જણાવ્યું હતુ કે, વાહન વ્યવહાર માટે આ સરળ, ઝડપી અને સલામત પ્રકાર છે. સુરત વર્લ્ડ કલાસ સીટી બનવાના બધાજ લક્ષણો ધરાવે છે. સુરતમાં વસ્તી ઝડપથી વધી છે ત્યારે વાહન વ્યવહારની સારી વ્યવસ્થા હોવી જોઈએ.

મિટિંગમાં મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહયા હતા અને વકતાશ્રીએ આપેલી માહિતીને રસપૂર્વક માની હતી.

અંતમાં ઉપપ્રમુખ ડૉ. અજોય ભટ્ટાચાર્યએ આભારવિધી કરી હતી.